જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૧/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૦૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૦૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૦૬/૨૦૨૫**

નવરંગપુરાઃ કામિનીબહેન રાકેશકુમાર શાહ (ઉ.વ.૫૮) (રહે. શાંતનુ ફ્લેટ્સ, સમુદ્ર કોમ્પ્લેક્ષ સામે ગીરીશ કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા, નવરંગપુરા) એ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૨૫ થી ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧ ૯૨૮૯૦૧૩૯૩૭ ના ધારકે કોલ કરી કામિનીબહેનના આર.બી.એલ.બેંકનુ ક્રેડીટ કાર્ડ એક્ટીવેટ કરવાનું જણાવી વિશ્વાસમા લઈ મોબાઈલ નંબર ૯૯૯૦૧૧૪૭૬૬૭ થી કામિનીબહેનને વોટ્સએપ ઉપર આર.બી.એલ.બેંક નામની એપ્લીકેશનની લીંક મોકલી ઇન્સ્ટોલ કરાવી ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૯૫,૦૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્સ્ફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.કે.એ.ગઢવી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી